# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2026-27/110 Dt. 18/09/2026

તંત્રીશ્રી, ______________________, સુરત.

મે. સાહેબશ્રી,

નીચે મુજબની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ચેમ્બર દ્વારા 'ધી બિઝનેસ ઓફ કલર્સ' વિષય પર વિશેષ સેમિનાર યોજાયો

## રંગો માત્ર ડિઝાઇન પૂરતા સીમિત નથી, બ્રાન્ડિંગ અને ખરીદીના નિર્ણયો પાછળનું સાયકોલોજિકલ સાધન: કલર એનાલિસ્ટ અનિતા સિંહ

## રંગો વિચારો અને વ્યવસાયમાં સફળતાનો નવો રંગ પૂરે છે; કલાત્મકતા જ બજારમાં અલગ ઓળખ અપાવશે: ચેમ્બર પ્રમુખ અશોક જીરાવાલા

## ફેસ્ટિવ-વેડિંગ વેર માટે વોર્મ કલર્સ અને ફોર્મલ-રિસોર્ટ વેર માટે કુલ કલર્સ પ્રીમિયમ લુક આપે છે

## ટેક્સટાઇલ ઉત્પાદકો માટે 4-ભાગની કલર પ્રોડક્શન ફોર્મ્યુલા: કોર, ફેશન, સીઝનલ અને હાઇલાઇટ કલર્સ

સુરત, 18 સપ્ટેમ્બર 2026: સુરતને ગાર્મેન્ટ અને ટેક્સટાઇલ ઇન્ડસ્ટ્રિયલ હબ તરીકે વૈશ્વિક સ્તરે પ્રસ્થાપિત કરવાના વિઝન સાથે ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (SGCCI) દ્વારા ગુરુવાર, તા. 17 સપ્ટેમ્બર 2026ના રોજ સાંજે 05:30 કલાકે સરસાણા સ્થિત સંહતિ પરિસરના મહેતા હોલ ખાતે 'ધી બિઝનેસ ઓફ કલર્સ: હાઉ કલર ઇન્ફ્લુઅન્સિસ ફેશન, ટેક્સટાઇલ્સ એન્ડ બાઇંગ ડિસિઝન્સ' વિષય પર સેમિનાર યોજાયો હતો. આ સત્રમાં જાણીતાં કલર એનાલિસ્ટ, ઇમેજ કન્સલ્ટન્ટ અને કોર્પોરેટ ટ્રેઇનર સુશ્રી અનિતા સિંહે મુખ્ય

વક્તા તરીકે ઉપસ્થિત રહીને ગ્રાહકોની ખરીદી પર રંગોની સાયકોલોજિકલ અસર અને વૈશ્વિક ટ્રેન્ડ્સ અંગે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

### કલાત્મકતા અને નવીનતા જ અલગ ઓળખ આપશે: અશોક જીરાવાલા

કાર્યક્રમના પ્રારંભે ચેમ્બર પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ સ્વાગત પ્રવચનમાં જણાવ્યું હતું કે, "રંગો માત્ર કેનવાસ કે ફેબ્રિક પર સુંદરતા પૂરવા પૂરતા મર્યાદિત નથી, પરંતુ તે આપણા વ્યવસાય અને વ્યાપારી વિચારોમાં સફળતાનો નવો રંગ પૂરે છે. ફેશન અને ડિઝાઇનની પરિભાષા સમય સાથે બદલાતી રહે છે, પરંતુ ઉદ્યોગકારની સર્જનાત્મકતા, કલાત્મક દ્રષ્ટિકોણ અને સતત કંઇક નવું શીખવાની તલપ જ તેને હરીફાઈભર્યા વૈશ્વિક બજારમાં એક વિશિષ્ટ ઓળખ અપાવે છે."

### રંગોની સાયકોલોજી અને બ્રાન્ડિંગ

મુખ્ય વક્તા સુશ્રી અનિતા સિંહે જણાવ્યું હતું કે, ગ્રાહક કોઈપણ પ્રોડક્ટ તરફ આકર્ષાય ત્યારે સૌથી પ્રથમ ધ્યાન તેના રંગ પર કેન્દ્રિત થાય છે. યોગ્ય રંગોની પસંદગી માત્ર ડિઝાઇનની સુંદરતા નથી વધારતી, પરંતુ તે પ્રોડક્ટનો પ્રીમિયમ લુક, ક્વોલિટી અને બ્રાન્ડ ટ્રસ્ટ ઊભો કરીને ગ્રાહકને ખરીદી કરવા પ્રેરિત કરે છે.

- **વોર્મ vs કુલ કલર્સ:** સૂર્ય અને અગ્નિમાંથી પ્રેરિત લાલ, ગોલ્ડન, મસ્ટર્ડ અને ઓરેન્જ જેવા 'વોર્મ કલર્સ' ભારતીય ઉત્સવો, ટ્રેડિશનલ ટેક્સટાઇલ્સ અને વેડિંગ-બ્રાઇડલ વેર માટે શ્રેષ્ઠ છે. જ્યારે પાણી અને પ્રકૃતિમાંથી પ્રેરિત નેવી બ્લુ, પાઉડર બ્લુ, સેજ ગ્રીન અને આઇવરી જેવા 'કુલ કલર્સ' ફોર્મલ વેર, મેન્સ વેર, રિસોર્ટ વેર તેમજ હોમ ફર્નિશિંગને સોફિસ્ટિકેટેડ અને લક્ઝરી લુક આપે છે.
- **ડિઝાઇન સ્કીમ્સ:** તેમણે લક્ઝરી લુક માટે મોનોક્રોમેટિક, હાઇ-કન્ટ્રાસ્ટ માટે કોમ્પ્લિમેન્ટરી અને ક્રિએટિવિટી માટે એનાલોગસ તેમજ ટ્રાયડિક કલર સ્કીમ્સ વાપરવાની ભલામણ કરી હતી.

### ઉત્પાદકો માટે કલર પ્રોડક્શન ફોર્મ્યુલા

ટેક્સટાઇલ અને ગાર્મેન્ટ ઉત્પાદકોને ઇન્વેન્ટરી અને ડેડ સ્ટોકથી બચવા તેમણે ઉત્પાદનને 4 કેટેગરીમાં વહેંચવાની ફોર્મ્યુલા આપી હતી:

1. **કોર કલર્સ:** બારેમાસ માગમાં રહેતા બેઝિક રંગો.
2. **ફેશન કલર્સ:** પ્રવર્તમાન ટ્રેન્ડ અને ડિમાન્ડ મુજબના રંગો.
3. **સીઝનલ કલર્સ:** ઋતુ અને તહેવારો આધારિત રંગો.
4. **હાઇલાઇટ/એક્સપેરિમેન્ટલ કલર્સ:** નવીનતા અને પ્રાયોગિક ડિઝાઇન માટેના કલર્સ.

વૈશ્વિક સ્તરે નક્કી થતા 'પેન્ટોન કલર ઓફ ધ યર' પાછળ વૈશ્વિક જીવનશૈલી, આર્ટ અને સમાજના માનસિક મૂડનો અભ્યાસ સંકળાયેલો હોય છે, જેનો અભ્યાસ સુરતના ઉદ્યોગોને એક્સપોર્ટ માર્કેટ જીતવામાં મદદરૂપ થશે.

આ પ્રસંગે ચેમ્બરના ઉપપ્રમુખ શ્રી રવિ રાજ દેસાઈ, માનદ્ મંત્રી શ્રી પરેશ લાઠીયા સહિત મોટી સંખ્યામાં ટેક્સટાઇલ ઉત્પાદકો અને ડિઝાઇનર્સ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની રૂપરેખા ગ્રૂપ ચેરપર્સન ડૉ. બંદના ભટ્ટાચાર્યએ આપી આભારવિધિ કરી હતી. સમગ્ર સત્રનું સંચાલન ચેમ્બરની ફેશન ડિઝાઇનિંગ કમિટીનાં ચેરપર્સન સુશ્રી ધારા શાહે કર્યું હતું, જ્યારે કમિટીના કો-ચેરપર્સન સુશ્રી રચના કાપડિયાએ વક્તાનો પરિચય કરાવ્યો હતો.